| |
|---|
| **અગ્રતા ક્રમ:-૭ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૪૬૧**<br>**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – અરવિંદભાઇ લાડાણી, (માણાવદર)**<br>**"જૂનાગઢ જિલ્લામાંથી નકલી ડી.વાય.એસ.પી. પકડવા બાબત"** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:-** |
| **પુરક માહિતી :- શ્રી પરસોત્તમભાઇ સોલંકી, માન.મંત્રીશ્રીના નકલી પી.એ. જે જુનાગઢ જીલ્લામાંથી પકડાયેલ તેની વિગત.** |

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

- જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા શંકાસ્પદ વાહનોનુ ચેકીંગ દરમિયાન રાજકોટ તરફથી MLA Gujarat લાલ અક્ષરથી લખેલ બોર્ડ લગાવેલ કાર અને કાર ચાલક શંકાસ્પદ લાગતા આ કાર ચાલકની પુછપરછ કરતા પોતાનુ નામ રાજેશભાઇ જયંતિભાઇ જાદવ, ગામ.સીમાસી, તા.મેંદરડા, જિ.જૂનાગઢ હાલ ગાર્ડન સીટી, વાડલા ફાટક, જૂનાગઢનો હોવાનુ જણાવેલ અને **પોતે પરષોત્તમભાઇ સોલંકી મંત્રી શ્રી પશુપાલન વિભાગ ગુજરાત રાજ્યના અંગત મદદનીશ હોવાની વાહન ચેકીંગ ઉપર હાજર રહેલ પોલીસને ઓળખાણ આપેલ.**
- આરોપી વિરૂદ્ધ જૂનાગઢ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૮૩૭/૨૩ ઇ.પી.કો. કલમ ૧૭૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ રજીસ્ટર કરાવેલ અને અટકાયત કરેલ છે.

❖**આરોપી રાજેશ જયંતિભાઈ જાદવ વિરુધ્ધ તપાસના અંતે નોધાયેલ અન્ય ગુનાની વિગતો**

(૧) જુનાગઢ એ ડીવીઝન પો.સ્ટે. શહેર ખાતે ગુ.ર.નં.૧૨૯૧/૨૩, IPC ૪૦૬, ૪૨૦, ૧૧૪, મુજબનો ગુનો

- **લગ્ન કરવાની લાલચ આપી ૪૫,૦૦૦/– છેતરપીંડી.**

(૨) જુનાગઢ સી ડીવીઝન પો.સ્ટે ખાતે ગુ.ર.નં. ૬૪૦/૨૩, IPC ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮

- **ફરીયાદીને શિક્ષકની નોકરીની લાલચ આપી રૂ.૪.૭૫ લાખની છેતરપીંડી**

(૩) માણાવદર પો.સ્ટે. ગુ.ર.ન. ૧૧૨૦૩૦૩૭૨૩૦૪૯૪, IPC ૪૦૬, ૪૧૬, ૪૨૦

- **અરજદારના પતિ કોરોનામાં અવસાન પામેલ હોય તેને સહાય અને દિકરાને નોકરી અપાવવાની લાલચ આપી રૂ.૧૮.૫૦ લાખની છેતરપીંડી.**

ઉપરોકત ચારેય ગુનાની તપાસ સબંધિત થાણા અધિકારીશ્રીઓ કરી રહેલ છે. આ ચારેય ગુનાના તપાસના સુપરવિઝન માટે(તપાસ યોગ્ય દિશામાં, તલસ્પર્શી અને ઉડાણપુર્વક થાય તે હેતુથી) પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ દ્વારા એસ.આઈ.ટી ની રચના કરી છે. જેના અધ્યક્ષ નાયબ પોલીસ અધિકારીશ્રી, કેશોદ અને સભ્યો તરીકે સર્કલ પોલીસ ઈન્સપેકટર અને ગુનાના તપાસ અધિકારીનો સમાવેશ થાય છે.